# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ નોંધાયા

## ગાંધીનગરમાં ૮, કલોલમાં ૩, માણસા-દહેગામમાં ૨-૨ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં રજાના દિવસે પણ તંત્ર સતત દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ.

ગાંધીનગર તાલુકામાં ૮, માણસામાં ૨, દહેગામમાં ૨ અને કલોલમાં ૩ કેસ આજે નોંધાયા છે. આજે પાંચ કેસ મહિલા દર્દીઓના નોંધાતા તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા ૧૫ કેસમાં ૮ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

વાવોલમાંથી આજે બે કેસ મળ્યા છે. ૪૩ વર્ષીય કર્મયોગી તેમજ ૩૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહુન્દ્રા ગામેથી ૫૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

રાયસણ ગામેથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં ૩૮ વર્ષીય પુરૂષ અને ૪૦ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે. પેથાપુરમાંથી ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે તેણીનીને હોસ્પિટલમાં દાખલ કરાઈ છે.

સરગાસણમાંથી ૩૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદમાંથી પણ ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે બે કેસ મળ્યા છે. વેડામાંથી ૫૮ વર્ષીય કર્મયોગી અને અર્બન વિસ્તારમાંથી ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્ને દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી પણ બે કેસ મળ્યા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. ઝિંડવા ગામેથી ૬૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો બાબલપુરા ગામેથી ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગૃહીણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી ૩ કેસ નોંધાયા છે. છત્રાલ ગામેથી ૨૧ વર્ષીય યુવાન તથા સઈજ ગામેથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

અર્બન વિસ્તારમાંથી ૫૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે વધુ ૧૫ દર્દીને રિકવરી પ્રાપ્ત થતાં ડિસ્ચાર્જ અપાયુ છે. આ સાથે જિલ્લામાં ૧૯૬૮ લોકો કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૪૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### ખૂણેખાંચરેથી

- સોમવારે સાંજે ૪ વાગે કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની ''આત્મનિર્ભર ખેડૂત'' વિષય પર ગુજરાતના ખેડૂતો સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વાતચીત કરશે. આ વાતચીતમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ ખાસ ઉપસ્થિત રહેશે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા હાથરસમાં પોલીસના દુર્વ્યવહારના વિરોધમાં મૌન સત્યાગ્રહ બપોરે બે વાગે યોજવામાં આવ્યુ છે.
- ગાંધીનગરમાં સે. ૧૭ માં પાણીનો પુરવઠો છેલ્લા ૩ દિવસથી મળતો નથી અને ખુબજ ઓછા ફોર્સ સાથે પાણી આવતુ હોવાથી વસાહતીઓ પરેશાનીમાં મુકાયા છે.
- રાજ્યમાં પંચાયતોની ચૂંટણીની જાહેરાત ૧૦મી નવે.ની આસપાસ કરવામાં આવશે. ડિસેમ્બરમાં પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવા પામ્યો છે. જોકે સાંજના સમયે ઠંડક જોવા મળી રહી છે. આથી મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી સાનુકૂળ વાતાવરણ ગણવામાં આવી રહ્યું છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લગ્નમાં પચાસ માણસો... નવરાત્રીમાં બસ્સો... હવે દિવાળીમાં કેટલા એ જલદી કહી દે તો સારું...!!

# સે. ૩-એ ન્યુ અને ૩માંથી કુલ પાંચ કેસ મળ્યા

## સે. ૨૧માં પિતા-પુત્ર-પૌત્ર સંક્રમિત થયા : સે. ૫માં પણ બે કેસ શહેરમાં કોરોનાના કેસ ૧૩૮૬ થયા : ૧૧૪૫ દર્દી કોરોના મુક્ત થયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સે. ૩-એ-ન્યુ માંથી આજે ૪ કેસ સહિત કુલ ૧૭ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. શહેરમાં વધતા જતા કેસોને કારણે તંત્રમાં ચિંતા વધી છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૩૮૬ની થઈ છે.

સે. ૩-એ-ન્યુ માંથી ૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૫૭ વર્ષીય ગૃહીણી, ૨૯ વર્ષીય યુવાન તેમજ એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરજ બજાવતા ૩૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ભાટ નજીક મધર ડેરીમાં નોકરી કરતા અને સે. ૩ માં રહેતા ૪૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧માંથી આજે ૩ કેસ મળ્યા છે જેને પગલે તંત્ર ચોંકી ઉઠ્યુ છે. એક જ પરિવારમાંથી આ કેસ મળી આવ્યા છે. પિતા-પુત્ર અને પૌત્ર ત્રણેય સંક્રમિત થયા છે. ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી આજે ૩ કેસ મળ્યા છે જેને પગલે તંત્ર ચોંકી ઉઠ્યુ છે. એક જ પરિવારમાંથી આ કેસ મળી આવ્યા છે. પિતા-પુત્ર અને પૌત્ર ત્રણેય સંક્રમિત થયા છે. ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ટોરેન્ટ ફાર્મામાં એક્ઝીક્યુટીવ તરીકે છત્રાલ ખાતે ફરજો બજાવતા અને સે. ૫ માં રહેતા ૩૭ વર્ષીય યુવાન તેમજ જુના સચિવાલયમાં આરોગ્ય કમિશનરની કચેરીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજો બજાવતા ૩૨ વર્ષીય યુવાન અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૩ માં રહેતા અને ખાનગી પ્રેસમાં નોકરી કરતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. કોમ્પ્યુટર લેકચરર તરીકે નોકરી કરતા અને સે. ૨ માં રહેતા ૩૨ વર્ષીય લેકચરરનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

જીઈબીમાં રહેતા અને ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનમાં ફરજો બજાવતા ૪૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૫ માં આવેલ વિજ્ઞાન કોલેજમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા અને સે. ૧૫માં રહેતા ૨૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી ૭૭ વર્ષીય નિવૃત્ત મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો સે. ૪ માં રહેતા ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બ્લોક નં. ૧૪ માં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા અને સે. ૨૯ માં રહેતા ૩૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

# ખાનગી લકઝરી બસમાં પાર્સલ થેલામાંથી ૨૪ બિયરના ટીન મળ્યા

ગાંધીનગર, તા.૪

ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહી હતી તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી રાજસ્થાન પાર્સિંગની ખાનગી લકઝરી બસને ઉભી રખાવી કંડકટર પાસે ડેકી ખોલાવી ચેકીંગ કરતા તેમાં પાર્સલ કરેલો વિમલ થેલા પર પોલીસની નજર પડી હતી. પોલીસે કંડકટરને પુછતા તેણે આ પાર્સલ બ્યાવરથી વિષ્ણુ નામના વ્યકિતએ અમદાવાદ દિપક નામના વ્યકિતને આપવાનું કહીને મુક્યું છે તેમજ થેલા પર મોબાઈલ નંબર લખેલ છે. જેથી પોલીસે થેલામાં તપાસ કરતા ૨૪ નંગ બિયર મળી આવી હતી. ચિલોડા પોલીસે બિયહ મોકલનાર અને મંગાવનાર બંન્ને સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અડાલજ ત્રિ-મંદિર પાસે માર્ગ પરથી બાઈક ચોરી

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ત્રિ-મંદિર પાસે રોડ પર ખુલ્લી જગ્યામાંથી બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે અડાલજ પોલીસ મથકે જમીયતપુરાના સુરેશજી મહોતજી ઠાકોરે નોંધાવેલી ફરીયાદ મુજબ સુરેશજી ઠાકોર જમીયતપુરા ખાતે રહે છે અને છુટક મજુરી કરી જીવન નિર્વાહ કરે છે. ફરીયાદીએ પોતાના ઉપયોગ માટે સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.સી.-૦૭૧૧ ની ખરીદી કરી હતી. બાઈક એક વર્ષ થી તેમના પરિચિત મદન યાદવને ફેરવવા માટે આપ્યું હતું. મદન યાદવ એક માસ અગાઉ વતન જવા માટે બાઈક લઈને નીકળ્યો હતો. પરંતુ સુરેશજીને તાજેતરમાં જાણવા મળ્યું કે મદન યાદવે ત્રિ-મંદિર નજીક ખુલ્લી જગ્યામાં બાઈક પાર્ક કર્યું હતું. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જે અંગે ફરીયાદીએ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હોવા છતા ના મળતા તે ટોઈંગવાન લઈ ગઈ હશે તેમ સમજી તપાસ કરી પરંતુ બાઈક મળી ન આવતા ૫૦ હજારના બાઈક ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# શહેરના અગ્રણી બિપીનભાઈ રાવલની જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં વરણી

ગુજરાત સરકાર દ્વારા સગીર અપરાધીઓના કલ્યાણ માટે જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની રચના કરેલી છે. આ બોર્ડમાં ગાંધીનગરના અગ્રણી બિપીનભાઈ એલ. રાવલનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમની ગાંધીનગર જિલ્લાની બેંચમાં સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે.

બિપીનભાઈ રાવલ સે-૨૯ની શાંતિનિકેતન સ્કૂલમાં આચાર્ય તરીકે સેવાઓ આપી રહ્યાં છે. તેઓ ભારતીય જનતા પક્ષમાં ગાંધીનગર મહાનગર એકમમાં ઉપાધ્યક્ષ રહી



ચુક્યાં છે. તેઓ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલા છે. તેઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય છે અને ગાંધીનગર શહેર સ્કૂલ સંચાલક મંડળમાં ખજાનચી તરીકે પણ સેવાઓ આપી રહ્યાં છે. બિપીનભાઈની જુવેનાઈલ જસ્ટીસ બોર્ડમાં પસંદગી કરાતા શહેર ભાજપ, શહેરના સ્કૂલ સંચાલક મંડળ અને સાંસ્કૃતિક ક્ષેત્રે આનંદની લાગણી પ્રસરવા પામી છે.

# વર્ષાંતે સંગીતાસિંઘ અને અનુરાધા મલ્લ સહિત વધુ પાંચ અને ૨૦૨૧માં ૧૨ IAS વય નિવૃત્ત થશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના પાંચ આઈએએસ ઓફિસરો ૨૦૨૦ના અંતે વયનિવૃત્ત થઈ રહ્યાં છે જેમાં ઓક્ટોબર મહિનામાં ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ સંગીતાસિંઘ સાથે એસએમ પટેલ અને એજે શાહ, નવેમ્બરમાં અનુરાધા મલ્લ અને ડિસેમ્બરમાં સીજે પટેલ નિવૃત્ત થાય છે, જો કે આ પાંચ ઓફિસરો પૈકી એકપણ ઓફિસરને પુનઃનિયુક્તિની તક મળે તેવી સંભાવના નહીંવત છે. સચિવાલયમાં ચાલતી ચર્ચા પ્રમાણે સંગીતાસિંહના અનુગામી તરીકે મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમાર અથવા વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્યસચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાની નિયુક્તિ થાય તેવી સંભાવના છે. જો કે સપ્ટેમ્બરમાં વયનિવૃત્ત થયેલા એકમાત્ર ઓફિસર ડો. પીડી વાઘેલાને કેન્દ્ર સરકારે ટેલિકોમ્યુનિકેશનમાં ત્રણ વર્ષ માટે પુનઃનિયુક્ત કર્યા છે. ૨૦૨૧માં ૧૨ આઈએએસ ઓફિસરો વયનિવૃત્ત થવાના છે જેમાં જાન્યુઆરીમાં ડીબી રહેવર, ફેબ્રુઆરીમાં એમજે ઠક્કર, એપ્રિલમાં એનકે ડામોર, જૂનમાં ડો. વી થીરૂપુગાઝ, નવી દિલ્હી, આઈકે પટેલ, આરઆર રાવલ, ઓગષ્ટમાં આરજે હાલાણી, આરકે પટેલ, સપ્ટેમ્બરમાં એવી કાલરિયા, જીએચ ખાન અને ડિસેમ્બરમાં આરપી ગુપ્તા અને વીબી મેકવાન નિવૃત્ત થવાના છે. છેલ્લા પાંચ વર્ષમાં વયનિવૃત્ત થયેલા આઈએએસ ઓફિસરોમાં ૨૦૨૧નો આંકડો સૌથી ઓછો જોવા મળશે.

**● ૮ બેઠકો પૈકી ભાજપને ૪ થી ૫ બેઠકોનો ફાયદો...**



ગુજરાતમાં ૩જી નવેમ્બરે જે આઠ બેઠકોમાં પેટાચૂંટણી થવાની છે તે તમામ બેઠકો ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ફાળે ગઈ હતી, જો કે આઠ બેઠકો પૈકી બે બેઠકો – કપરાડા અને ડાંગ એવી હતી કે જેમાં કોંગ્રેસના ઉમેદવારો માત્ર ૧૭૦ અને ૭૬૮ મતે વિજયી બન્યાં હતા. એટલે કે ભાજપ આ બન્ને બેઠકો પર કોંગ્રેસના આયાતી ઉમેદવારો જીતુ ચૌધરી અને મંગળ ગાવિતને ટિકીટ આપશે તો પરિણામ ભાજપની વિરૂદ્ધમાં જઈ શકે છે, કેમ કે આ બન્ને બેઠકોના ભાજપના હારેલા ઉમેદવારો માધુ રાઉત અને વિજય પટેલ નિષ્ક્રિય બને તેવી સંભાવના છે. એવી જ રીતે મોરબીમાં કાન્તિ અમૃતિયાને માત્ર ૩૪૧૯ મતોની સરસાઈથી કોંગ્રેસના બ્રિજેશ મેરજાએ હરાવ્યા હતા. અત્યારે ભાજપના અમૃતિયા ચૂંટણી પ્રચારથી અલિપ્ત જોવા મળી રહ્યાં છે, કારણ કે ભાજપ બ્રિજેશ મેરજાને ટિકીટ આપવાનો વાયદો કરી ચૂક્યું છે. ધારીમાં ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીને ૧૫૩૩૬ મતે હરાવીને કોંગ્રેસના કેવી કાકડિયા વિજેતા થયા હતા તેથી જો ભાજપ તેમને ટિકીટ આપશે તો તેઓ જીતી શકે તેમ છે. અબડાસામાં કોંગ્રેસના પ્રદ્યુમનસિંહ જાડેજાએ ૯૭૪૬ મતોની સરસાઈ ધરાવી ભાજપના છબીલ પટેલને હરાવ્યા હતા. અત્યારે છબીલ પટેલ ક્યાંય નથી તેથી ભાજપ માટે પ્રદ્યુમનસિંહ તારણહાર બની શકે છે. લીમડીમાં કોંગ્રેસના સોમાભાઈ પટેલે ભાજપના કિરીટસિંહ રાણાને ૧૪૬૫૧ મતોની સરસાઈથી હરાવ્યા હતા પરંતુ આ વખતે મેદાનમાં કિરીટસિંહના ચાન્સ વધારે છે. ભાજપ સોમાભાઈને ટિકીટ આપવાનું નથી. ગઢડામાં પણ ૨૦૧૭માં કોંગ્રેસના પ્રવિણ મારૂ ૯૪૨૪ મતોથી તેમજ કરજણમાં અક્ષય પટેલ ૩૫૬૪ મતોની સરસાઈથી ચૂંટણી જીત્યા હતા અને આ બન્ને ઉમેદવારોએ અનુક્રમે ભાજપના આત્મારામ પરમાર અને સતીષ પટેલને હરાવ્યા હતા. ભાજપ તેના હારેલા ઉમેદવાર આત્મારામ પરમારને ફરીથી ટિકીટ આપવાનું છે અને કરજણમાં અક્ષય પટેલને ટિકીટ આપવાનું વચન આપેલું છે. ૨૦૧૭માં મળેલી સરસાઈ અને હાલની બદલાયેલી સ્થિતિની સમીક્ષા કરવામાં આવે તો આઠ બેઠકો પૈકી ભાજપને ચાર થી પાંચ બેઠકોનો સીધો ફાયદો છે.

### કોંગ્રેસના ત્રણ બળવાખોરો અબડાસામાં પેદા થયા છે, એવી બેઠક છે જ્યાં બીજીવાર હાર મળે છે

**● અબડાસા – કોઈ ઉમેદવાર બીજીવાર ચૂંટાતો નથી...**

ગુજરાતમાં કોંગ્રેસના પાપે વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી આવી રહી છે. આ બેઠકોમાં કોંગ્રેસને તો નવા આઠ ઉમેદવારો શોધવા પડશે પરંતુ આઠ પૈકીની કચ્છની અબડાસા બેઠકનો ઈતિહાસ રોમાંચક છે. આ બેઠક પર જે ઉમેદવાર એકવાર ચૂંટાય છે તે બીજીવાર ચૂંટાતો નથી. ૧૯૬૨માં કચ્છમાં સ્વતંત્ર પાર્ટીના ઉમેદવાર આ બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. ૧૯૫૭ થી ૧૯૯૦ સુધીની ચૂંટણીઓમાં આ બેઠક કોંગ્રેસ પાર્ટી માટે ગઢ સમાન છે. ૧૯૯૦માં આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર તારાચંદ છેડા કોંગ્રેસના નિમાબેન આચાર્યની સામે ચૂંટણી જીત્યા હતા પરંતુ ૧૯૯૫માં નીમા આચાર્યએ ફરીથી આ બેઠક પર ઉમેદવારી કરીને ભાજપના તારાચંદ છેડાને હરાવ્યા હતા. ૧૯૮૯ની ચૂંટણીમાં કોંગ્રેસના ઈબ્રાહીમ અને ૨૦૦૨માં ભાજપના નરેન્દ્રસિંહ જાડેજા આ બેઠક જીત્યા હતા. આ સમય પછી કોંગ્રેસના નિમાબેન આચાર્ય પક્ષપલ્ટો કરીને ભાજપમાં ગયા હતા અને નરેન્દ્રસિંહ જાડેજા કોંગ્રેસમાં ગયા હતા. ભાજપે ૨૦૦૭ની ચૂંટણીમાં જ્યંતિ ભાનુશાલીને ટિકીટ આપી હતી અને તેઓ નરેન્દ્રસિંહ જાડેજાને હરાવી વિધાનસભામાં આવ્યા હતા. ૨૦૧૨ની ચૂંટણીમાં કોંગ્રેસના છબીલ પટેલ ચૂંટણી જીત્યા હતા. તેમણે ભાજપના જ્યંતિ ભાનુશાલીને હરાવ્યા હતા. જો કે છબીલ પટેલ કોંગ્રેસના ધારાસભ્યપદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. પેટાચૂંટણીમાં કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે ભાજપના ઉમેદવાર છબીલ પટેલને હરાવ્યા હતા. ૨૦૧૭માં પણ ભાજપે છબીલ પટેલને ટિકીટ આપી હતી પરંતુ તેઓ કોંગ્રેસના પ્રદ્યુમનસિંહ જાડેજા સામે ચૂંટણી હારી ગયા હતા. કોંગ્રેસના સિટીંગ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ ભાજપમાં જોડાયા છે અને પેટાચૂંટણીમાં ભાજપે તેમની ટિકીટ ફાઈનલ કરી છે પરંતુ ઈતિહાસ જોતાં એકના એક ઉમેદવાર આ બેઠક પર ચૂંટણી જીતતા નથી તેથી ભાજપને જો આ બેઠક જોઈએ તો તેણે ઉમેદવાર બદલવો પડે તેમ છે. આ એવી બેઠક છે કે જેમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો – નિમાબેન આચાર્ય, છબીલ પટેલ અને પ્રદ્યુમનસિંહ જાડેજાએ પક્ષપલ્ટો કર્યો છે અને ભાજપમાં જોડાયેલા છે.

### વિધાનસભાની ૮ બેઠકો પૈકી કોંગ્રસને શૂન્ય બેઠક મળે તે શક્ય નથી, જીતવાના કારણ ઘણાં છે

**● સરપ્રાઇઝ ચેકીંગ વિના કરપ્શન ફ્રી સરકાર શક્ય નથી...**

સરપ્રાઈઝ ચેકીંગ કરવાથી ઘણી બધી ગોલમાલ બહાર આવે છે. આવું સરપ્રાઈઝ ચેકીંગ ગુજરાત સરકારના મહેસૂલ, શહેરી વિકાસ અને ગૃહ વિભાગમાં થવું જોઈએ, કેમ કે આ વિભાગોમાં પ્રત્યેક ટેબલ પર વજન મુકવું પડે છે. રાજ્યની જિલ્લાકક્ષાની કચેરીઓમાં કરપ્શન થાય તે સ્વાભાવિક છે, કારણ કે જિલ્લામાં બધાં રાજાપાઠમાં આવેલા હોય છે પરંતુ સચિવાલયમાં ઉપરી અધિકારીઓનું વિભાગની કાર્યવાહીમાં ધ્યાન હોય છે આમ છતાં વિભાગમાં એટલા બધાં વહીવટદારો પેદા થઈ ચૂક્યાં છે કે સામાન્ય અરજદારને કામ કરાવવું હોય તો લાંચ આપવી પડે છે. એન્ટી કરપ્શન બ્યુરો તરફથી સરકારના તમામ વિભાગોમાં—''લાંચ લેવી તે ગુનો છે, કોઈ કર્મચારી લાંચ માગે તો અહીં ફરિયાદ કરો...'' એવા બોર્ડ જોવા મળે છે પરંતુ આ બોર્ડ શોભાના ગાંઠીયા જેવા છે. સૌથી વધુ કરપ્શન તો વિભાગોમાં થાય છે. કોઈ અરજદાર રૂપિયા ખર્ચવાનો ઈન્કાર કરે તો તેનું કામ ટલ્લે ચઢાવી દેવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીએ અરજદારની ફાઈલોના નિકાલનું ટાઈમટેબલ બનાવ્યું છે પરંતુ આ સમય પ્રમાણે અરજદારના કામો થતાં નથી. જ્યાં જમીનનો વેપલો આવે છે તેવા તમામ વિભાગો અને જિલ્લા કચેરીઓમાં કરપ્શન લોહીની સાથે ઘુસી ગયું છે. રાજ્યના વિજિલન્સ કમિશરના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં સૌથી વધુ કરપ્શન જ્યાંથી પકડાય છે તેવા વિભાગોમાં એક થી ત્રણ નંબર પર શહેરી વિકાસ, મહેસૂલ અને ગૃહ વિભાગ આવે છે. આ ત્રણ વિભાગના વડા તેમની હાથ નીચેના કર્મચારીઓની આંતરિક બદલીઓ કરે છે પરંતુ થોડા સમય પછી પરિસ્થિતિ યથાવત થઈ જાય છે. સાતમા પગારપંચના અમલ પછી એક લાખ કે તેથી વધુ પગાર મેળવતા થયેલા અધિકારીઓને ઉપરની કમાણીમાં કેમ રસ પડે છે તે સમજાતું નથી. આ અધિકારીઓને સરકારે એક વર્ષ સુધી પ્રાઈવેટ કંપનીમાં નોકરીની ટ્રેનિંગ આપવી જોઈએ કે જેથી સરકારી નોકરી શું હોય છે તેની ખબર પડી શકે...

### અર્બન, રેવન્યુ અને હોમ એવા સંવેદનશીલ વિભાગો બન્યાં છે જ્યાં સરપ્રાઇઝ ચેકિંગ જરૂરી છે

**● જે સુવિધા ઉપલબ્ધ નથી તેનો ટેક્સ ચૂકવવો પડશે...**

સામાન્ય રીતે વીજળી, પાણી, સેનિટેશન, માર્ગ અને પ્રાથમિક જરૂરિયાતની સુવિધા આપ્યા પછી જે તે વિસ્તારને ડેવલપ કરવા માટે વિકાસ પરવાનગરી આપવામાં આવતી હોય છે પરંતુ ગુજરાતમાં અવળી ગંગા છે. પહેલાં વિકાસ પરવાનગી આપવામાં આવે છે અને ત્યારપછી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો હાથ પર લેવામાં આવે છે. એકમાત્ર ગાંધીનગરનું આયોજન એવી રીતે થયું છે કે જ્યાં પહેલાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો કરવામાં આવ્યા હતા ત્યારબાદ સેક્ટરોમાં સરકારી આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. આયોજનબદ્ધ નગર કોને કહેવામાં આવે તે ગાંધીનગરની રચનાનો ઈતિહાસ જોઈને શિખવું જોઈએ. આજે શહેરોની ફરતે શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી છે પરંતુ આ રચનામાં પાયાની સમસ્યાનો ખ્યાલ રાખવામાં આવ્યો નથી. એટલે કે પાણી, વીજળી, સેનિટેશન, રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ અને તેના જેવી પ્રાથમિક જરૂરિયાતોની સુવિધા ઉભી કરવામાં આવી નથી. ઔડા, સુડા, ગુડા, રૂડા, વુડા એ તેના ઉદાહરણ છે. બીજી તરફ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે પરંતુ ખાટલે મોટી ખોડ તો જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે. કોર્પોરેશનમાં ભેળવાયેલા વિસ્તારોમાં ગટરલાઈન, પાણી, સ્ટ્રીટલાઈટ અને માર્ગોની સુવિધા નથી તેમ છતાં નવા ભળેલા વિસ્તારના નાગરિકોએ કોર્પોરેશનને વિવિધ પ્રકારના ટેક્સ ચૂકવવાના થશે. ચૂંટણીમાં મતો લેવાની ઉતાવળમાં શાસકોએ પબ્લિકને અંધારામાં રાખીને તેમના વિસ્તારોને ટેક્સના દાયરામાં આવરી લેવાનો પ્રયાસ કર્યો છે જે હકીકતમાં ન્યાયના સિદ્ધાંતથી વેગળો છે.

**● સચિવાલયમાં પ્રવેશ મળે છે, સીટીપી ઓફિસમાં નહીં...**

સચિવાલયના સ્વર્ણિમ સંકુલ અને વિવિધ વિભાગોમાં મુલાકાતીઓને આસાનીથી પ્રવેશ મળી જાય છે પરંતુ સચિવાલયની પાછળ આવેલા સીપીટી ભવનમાં મુલાકાતીને પ્રવેશ નિશેષ છે. આ પ્રતિબંધ મૂકવાનું કારણ સામે આવ્યું નથી પરંતુ અત્યારે તો કોરોના સંક્રમણનું બહાનું કાઢવામાં આવે છે. સીટીપી એટલે કે ચીફ ટાઉન પ્લાનિંગના ભેદભરમથી યુક્ત ભવનમાં લોકોને પ્રવેશ નથી. કોઈ મુલાકાતીને કામ હોય અને ઓફિસરને મળવું હોય તો તે ઓફિસરનું નામ, ક્યાંથી આવો છો, શું કામ છે એવા પ્રશ્નોના જવાબ આપો પછી તમારૂં નામ, સરનામું, ફોનનંબર અને ઓળખપત્ર આપ્યા પછી પ્રવેશ આપવામાં આવે છે.



ગાંધીનગરમાં સરકારની તમામ કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશન અને વિભાગની કચેરીઓમાં તમામ જગ્યાએ મુલાકાતીને કામ હોય ત્યારે તેઓ ઓળખપત્ર બતાવીને જઈ શકે છે પરંતુ આ ઓફિસમાં જવા માટે તમારી પાસે ઓળખપત્ર હોવા છતાં સંપૂર્ણ માહિતી આપવી પડે છે. આવા આદેશ કેમ કરવા પડ્યા છે તે મુલાકાતીઓને સમજાતું નથી. આ ઓફિસના પગથિયાં ચઢતા ભાજપના એક ધારાસભ્યને પણ અટકાવવામાં આવ્યા હતા. આ ધારાસભ્ય સ્વર્ણિમ સંકુલ તેમજ સચિવાલયના તમામ વિભાગોમાં મુલાકાત કરે છે પરંતુ તેમને આવો કડવો અનુભવ ક્યારેય થયો નથી. આ ઓફિસમાં કોરોના સંક્રમણ વધે નહીં તે માટે મુલાકાતીના પ્રવેશ પર નિયંત્રણો મૂકવા સલામતી રક્ષકોને આદેશ કરવામાં આવ્યો છે.